# મુસ્લિમ સમાજના યુવાનોએ સમાજને નવી દિશા ચીંધી

## હેપી ફ્રેન્ડ સર્કલ દ્વારા યોજાયો બીજો સમૂહ નિકાહ સમારંભ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર શહેરના અશરફનગર કસ્બા વિસ્તારમાં જાગૃત થયેલી યુવાપેઢી દ્વારા આયોજીત સમૂહ નિકાહમાં સમારંભના અધ્યક્ષ તરીકે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો તેમજ જુદા જુદા સમાજના આગેવાનો મારફતે સમુહ નિકાહને સફળ થાય તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કસ્બા વિસ્તાર ખાતે યોજાયેલ બીજા સમુહ નિકાહમાં ૩૨ દુલ્હા તથા દુલ્હનોના નિકાહ પઢાવવામાં આવ્યા હતા અને મુસ્લિમ સમાજના રીતી રીવાજ મુજબ લગ્નગ્રંથીથી જોડાયા હતા.

સમુહ નિકાહના આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા તથા મુખ્ય મહેમાન તરીકે શાંતિદૂત એવોર્ડ વિજેતા રઈશમીંયા કસ્બાતી, તાલુકા પંચાયત પ્રમુખ ઈમરાન ઠાકોર, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નીલાબેન પટેલ, કારોબારી અધ્યક્ષ અમૃતભાઈ રાજપુરોહીત, પટણી સુન્ની જમાતના પ્રમુખ ઈકબાલભાઈ મુતવલ્લી, કોંગ્રેસના માઈનોરીટી ડીપાર્ટમેન્ટના પ્રમુખ ઈમરાન દાવડા, યુવા કોંગ્રેસ પ્રમુખ પ્રિયવદન પટેલ, વિરપુર સરપંચ ફારૂક ખણુસીયા, જગદીશભાઈ જયસ્વાલ, કસ્બા પ્રમુખ કાલુમીંયા શેખ, કોર્પોરેટર રઈશખાનુ પઠાણ, નિર્મળાબેન પંચાલ, જુબેદાબેન પઠાણ, મહાકાલ સેનાના અધ્યક્ષ ભુપેન્દ્રસિંહ કુંપાવત વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમુહ નિકાહના આ કાર્યક્રમનું આયોજન હેપ્પી ફ્રેન્ડ સર્કલના યુવાનો દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

તમામ સમાજના લોકો ભેગા મળી ભારત દેશને એકતાના માધ્યમથી મજબુત કરવા માટે આહવાન કરવામાં આવ્યુ હતુ. સમુહ નિકાહના આ પ્રસંગને કસ્બા જમાતના સદસ્યો વિવિધ યુવા ફ્રેન્ડ સર્કલ તથા ગ્રામજનોએ સુંદર સહકાર આપી સફળ બનાવ્યો હતો.








**દિવ્યાંગ બાળકોને ભોજન કરાવતા શહેરના યુવાનો**

ગાંધીનગરના 'સોહાર્દ-હેલ્પીંગ હેન્ડ' ગ્રુપ દ્વારા શહેરના દિવ્યાંગ બાળકોને ભોજન આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંતર્ગત સેક્ટર-૨૮ની સમર્પણ મુકબધિર શાળાના ૩૫ બાળકો ઉપરાંત અન્ય જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવીઓને પુરી-શાક, દાળ-ભાત, પાપડ, મિઠાઈ સહિતનું પાક્કુ ભોજન પીરસવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રુપના યુવા સભ્યો જીજ્ઞેશ યાદવ, પ્રશાંત અડાલજા, દિશાંત ગર્ગ, નિરજ ગામિત, મયુર જાદવ, ચંદન ગામેતી તથા ડેનિસ વ્યાસે સેવાઓ આપી સદ્કાર્યને સફળ બનાવ્યું હતું.

# હરસિદ્ધિ શક્તિપીઠ લાડોલના મહોત્સવમાં ગાયક હેમંત ચૌહાણની સંતવાણી

## મા હરસિદ્ધિના ૧૩૧મા પાટોત્સવ નિમિત્તે ભવ્ય ચાર દિવસીય મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

લાડોલમાં આવેલા હરસિદ્ધિ શક્તિપીઠના ૧૩૧મા પાટોત્સવ નિમિત્તે ૧લી માર્ચથી ૪થી માર્ચ સુધી લાડોલ ખાતે ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવ નિમિત્તે ૧૦૮ કળશો દ્વારા નગરયાત્રા, સંતોના આશીર્વચન, હેમંત ચૌહાણના કંઠે સંતવાણી, સિંહાસન અર્પણ વિધી, માતાજીનું પુસ્તક વિમોચન, વેબસાઈટ અને મોબાઈલ એપ્લીકેશનનું લોકાર્પણ, રાસગરબા, અન્નકુટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શક્તિપીઠ ખાતે ૧૩મી ફેબ્રુઆરીએ શિવરાત્રીના દિવસે શિવશક્તિના ૩ કરોડથી વધુ મંત્રોના યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ૨૮મી ફેબ્રુઆરી સુધી ચાલનારા મંત્રોના હોમ યજ્ઞની પૂર્ણાહૂતિ ૪થી માર્ચે કરવામાં આવશે. હરસિદ્ધિ શક્તિપીઠમાં ૨૮મી ફેબ્રુઆરી સુધી સાંજે ૩.૩૦ થી ૬ કલાકે જુદા જુદા સંતોની વાણીનો લ્હાવો મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતનાં સોને મઢેલું આ પાંચમા ક્રમનું મંદિર છે. મંદિરના ૧૩૧મા પાટોત્સવ નિમિત્તે ૧લી માર્ચને ગુરૂવારે સવારે ૮.૩૦ કલાકે ૧૦૮ કળશો દ્વારા નગરયાત્રા કરવામાં આવશે તેમજ ૩ કલાકે સંતો આર્શીવચન આપશે. ગુજરાતના પ્રખ્યાત ગાયક હેમંત ચૌહાણના કંઠે રાત્રે ૮.૩૦ કલાકે 'સંતવાણી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજા દિવસે રાસગરબા તેમજ ૧૦૦૮ કળશ દ્વારા મહાઅભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે. હરસિદ્ધિ શક્તિપીઠ ખાતે ૩જી માર્ચે સવારે ૯.૧૫ કલાકે સુવર્ણ સિંહાસન અર્પણ વિધિ કરવામાં આવશે. બપોરે ૩ કલાકે માતાજીની નગરયાત્રાના ચઢાવા તેમજ મહંત અશ્વિન જાનીને સોના-ચાંદી મિશ્રિત પાઘડી અર્પણ કરવામાં આવશે. આ મહોત્સવમાં માતાજીના પુસ્તકનું વિમોચન તેમજ માતાજીની વેબસાઈટ તથા મોબાઈલ એપ્લીકેશનનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ મંદિરલક્ષી વિકાસ સંકલ્પો કરીને રાત્રે રાસ-ગરબાનો આનંદ ઉઠાવવામાં આવશે.

મહોત્સવના છેલ્લા દિવસે ૪થી માર્ચે યજમાનો દ્વારા તમના માતા-પિતાની પૂજા કર્યા બાદ અન્નકુટ, ફળોત્સવ તથા ફુલોત્સવ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ૪થી માર્ચને રવિવારે બપોરે ૧૨.૩૯ કલાકે મહાયાગ પૂર્ણાહુતિ કરવામાં આવશે. આ ઉપરાંત, મહોત્સવના આખરી દિવસે સવારે ૧૧ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. શક્તિપીઠના પાટોત્સવમાં સમસ્ત ગ્રામજનો, માઈભક્તો તેમજ મહેમાનો પાટોત્સવ અને મહા ભોજન પ્રસાદનો લાભ લઈ શકશે.

# નવાગામના પ્રજાજનોને એક કરોડના વિવિધ વિકાસકાર્યોની નયનરમ્ય ભેટ

## માદરે વતનનું ઋણ ચુકવવા માટે જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણનું અભિયાન

નડીયાદ, તા. ૨૫

ખેડા તાલુકાના નવાગામ ખાતે આજે સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવુસિંહજી ચૌહાણ દ્વારા રૂ. એક કરોડના વિવિધ સુગમતા પ્રાપ્ત થશે. સાથેસાથે ગામડાંઓમાં લાકડાં બાળીને જમવાનું બનાવતા પરિવારો પૈકી ગરીબ પરિવારના ૨૩૫ રેશનકાર્ડ ધારકોને ગેસ બોટલ અપાયા હતા. જેટલાં વ્યક્તિગત શૌચાલયનું નિર્માણ કરીને તેનું લોકાર્પણ કરાયું હતું. આ ઉપરાંત સમગ્ર ગામ ઝળહળતું રહે અને વીજળીનો પણ બચાવ થાય તે પ્રકારે ૮૦ વીજ




વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયાં હતા. આ કાર્યોમાં એનડીડીબી અને બીપીસીએલ જેવી સંસ્થાઓનો અનન્ય સહકાર સાંપડ્યો હતો. જેના કારણે નાનકડું નવાગામ હવે અનેકવિધ સુવિધાઓ સભર બની જશે. ખેડા તાલુકાનું નવાગામ નામનું નાનકડું ગામ આજે હરખના હિલોડે ચઢ્યું હતું. આ ગામમાં આજે રૂ. ૨૨ લાખના ખર્ચે નવનિર્મિત થનારા કોમ્યુનીટી હોલનું લોકાર્પણ કરાયું હતું. આ કોમ્યુનીટી હોલ દ્વારા ગામના પ્રજાજનોને સામાજીક અને ધાર્મિક પ્રસંગો કરવા માટેની ઘણી જ જેના પરિણામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલ અભિયાનને વધુ વેગ મળ્યો હતો. સાથે સાથે શાળાઓમાં અભ્યાસ કરતાં ૧૫૦૦ બાળકોના સ્વાસ્થ્યને વધુ સુદઢ બનાવવા માટે દરરોજ અમૂલનું દૂધ વિનામૂલ્યે પ્રાપ્ત થશે. દૂધ એ બાળકો માટે પૌષ્ટીક ।હાર છે જેના પરિણામે બાળકોનું સ્વાસ્થ્ય સુધરશે અને તંદુરસ્ત રીતે અભ્યાસ કરી શકશે. સાથે સાથે દરેક ઘરને શૌચાલય પ્રાપ્ત થાય અને કોઈપણ બેન કે દીકરીને જાહેરમાં શૌચક્રિયા કરવા માટે જતાં શરમાવું ન પડે તેવા દઢ નિર્ણય સાથે ૩૦૦ થાંભલાઓ ઉપર સોલર લાઈટોનો પ્રકાશ પાથરવા માટેની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેનું પણ લોકાર્પણ કરાયું હતું. આમ સમગ્ર ગામને નાના-મોટા એક કરોડના કામોથી સુવિધાસભર બનાવવાનો પ્રયત્ન કરાયો છે. જેના પરિણામે પ્રજાજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. આ વિકાસકાર્યોમાં એનડીડીબી અને બીપીસીએલનો પણ અનન્ય સહકાર સાંપડ્યો હતો. આ પ્રસંગે સાંસદ દેવુસિંહજી ચૌહાણની સાથે આસુતોષ બાસુ તથા અન્ય સંસ્થાઓના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.





હોળી નજીક આવતા દેશભરમાં વિવિધ જગ્યાએ બગીચા ઉત્સવ જેને ડોલઉત્સવ પણ કહેવાય છે તે ઉત્સવની ઉજવણી કરાય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરામાં પણ ગોકુલનાથજી મંદિર દ્વારા બગીચાઉત્સવની ઉજવણી કરાઈ હતી. ગોકુલનાથજી મંદિરથી ઠાકોરજીની સવારી બજારમાં થઈ મંદિરના બગીચે પહોચી હતી. અરવલ્લી જિલ્લાના ધનસુરામાં હોળી આવતી હોવાથી ભક્તોએ બગીચા ઉત્સવની ઉજવણી કરી હતી. ધનસુરા વૈષ્ણવ સમાજ દ્વારા હોળી આવતી હોવાથી બગીચા ઉત્સવ જેને ડોલોત્સવ પણ કહેવાય છે તેની ઉજવણી કરાઈ હતી. જેમાં ઠાકોરજીની સવારી ગોકુલનાથજી મંદિરથી નીકળી બજારમાં થઈને મંદિરના બગીચામાં પહોચી હતી. ત્યાં રંગેચંગે ડોલઉત્સવની ઉજવણી કરાઈ હતી. ત્યારબાદ અબીલ-ગુલાલ ઉડાડી, ગુલાબજળ વડે ઉજવણી કરાઈ હતી. ત્યારબાદ ઠાકોરજીની સવારી મંદિરે પરત આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### યાત્રિક ભવન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે.તેમજ સંકુચિત વિચારસરણી છોડી દેવી જોઈએ. સંકુલનો વિકાસ થાય તમે સૌ સમાજના ભાઈ બહેનોને લાભ મળે તેવી ઉમિયા માતાજીને પ્રાર્થના તેમ કહી વાત પુરી કરી હતી. ત્યારબાદ ડે.સીએમ.નિતિનભાઈએ ઉમા યાત્રિક ભવનનું તેમજ પૂજય ગુરુમા એ અન્નપૂર્ણા ભવનનું રીબીન કાપીને સમાજના ભાઈ બહેનો માટે ખુલ્લુ મુક્યું હતું. આ પ્રસંગે માતાજીના પ્રાગંણમાં લઘુરુદ્ર હોમાત્મક યજ્ઞનું પણ આયોજન કરાયું હતું.

જયારે ઉદ્‌ઘાટનની પૂર્વ સંધ્યાએ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ, વડીલવંદના કાર્યક્રમ તેમજ લોક ડાયરો યોજાયો હતો. આ બે દિવસીય ધાર્મિક તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમનો સમાજના ભાઈ બહેનોએ મોટીસંખ્યામાં લાભ લીધો હતો. જયારે ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.તેમજ સમાજના સૌ ભાઈ બહેનોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ ભરતભાઈ પટેલ અને મહામંત્રી ભોળાભાઈ પટેલ સહિત સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### ગરમીનો પારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સવારના ગાળામાં થઈ રહ્યો છે. જો કે બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.બેવડી સિઝનના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદમાં મિશ્ર સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે.

અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મિશ્ર સિઝન વચ્ચે હવે ગરમીનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે.

હાલમાં નિચલી સપાટી ઉપર ઉત્તર-પશ્ચિમી પવાનો ફુકાઈ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, લઘુત્તમ તાપમાનમાં આગામી બે દિવસ દરમ્યાન કોઈ ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. બીજી બાજુ ગાંધીનગરમાં આજે પારો લઘુત્તમ તાપમાનમાં ૧૬ અને મહત્તમ તાપમાનમાં ૩૪.૬ ડિગ્રી સુધી રહ્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૭.૬ અને મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી નોંધાયુ ગયુ હતું. અમદાવાદ શહેરમાં પણ ગરમીના પ્રમાણમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. પારો મહત્તમ તાપમાનમાં વધતા ગરમી વધી રહી છે.

### મહિમા ગાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકી શકે છે. આ ઉપરાંત વડાપ્રધાને સંકટ સમયના પ્રબંધન મૅસ્જી્ઈઝના પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો. તેઓએ કહ્યું કે, બાંગ્લાદેશ, ભારત, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, ભૂટાન અને નેપાળ આ દેશોએ એક સંયુક્ત આપદા પ્રબંધનનો અભિયાસ કર્યો, જે પ્રથમ અને એક મોટો માનવીય પ્રયોગ હતો.

વડાપ્રધાને વધુમાં કહ્યું કે, ×આ વખતે બજેટમાં બાયો ગેસની ચર્ચા થઈ. ગોવર્ધન યોજાનાની વાત કહેવામાં આવી છે. ભારતમાં ગોબરનું ઉત્પાદન રોજ ૩૦ લાખ ટન છે. અનેક દેશ અપશિષ્ટનો ઉપયોગ કરે છે, પરંતુ ભારતમાં આવું નથી. પરંતુ હવે આપણે આ દિશામાં આગળ વધી રહ્યાં છીએ. કચરાનો બાયો ગેસ બનાવવા માટે ઉપયોગ કરી રહ્યાં છીએ.×

મોદીએ કહ્યું કે, ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોય છે. ઉદાહરણ પુરૂ પાડનારી મહિલાને સન્માનિત કરવામાં આવે છે.× ×આજે મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવાની આપણી સૌની જવાબદારી છે. કૌશલ્યાનંદન, કુંતીપુત્રથી જ દીકરાઓની ઓળખ થાય છે. નારીઓએ જ દેશને આગળ લઈ જવાનું કામ કર્યું છે. તેમની આર્થિક-સમાજિક ક્ષેત્રમાં ભાગીદારી રહી છે, આ આપણી જવાબદારી છે.

નારી શક્તિ હંમેશા આપણને પ્રેરિત કરે છે. વર્તિકા જોશી અને નિર્મલા સીતારમણનો પણ ઉલ્લેખ કર્યો હતો. ત્રણ મહિલા પાયલટનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ દરકે મહિલાઓ આગળ વધી રહી છે. મોદીએ કહ્યું- છત્તીસગઢની મહિલાઓએ એક નવી મિસાલ બનાવી છે.

### શ્રીદેવીની વિદાયથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લગ્ન કાર્યક્રમમાં શ્રીદેવી ખુબ ખુબસુરત અને તમામની સાથે નજરે પડી હતી. સંગીત કાર્યક્રમમાં પણ દેખાઈ હતી પરંતુ મોડી રાત્રે શ્રીદેવી પર હાર્ટએટેક થતાં તેમનું અવસાન થયું હતું. તેમના પતિ બોની કપૂરના નાના ભાઈ અને અભિનેતા સંજય કપૂરે શ્રીદેવીના અવસાનની જાહેરાત કરી હતી. ૧૧.૩૦ વાગે રાત્રે શ્રીદેવીના અવસાનની જાહેરાત કરવામાં આવી હતી. સંજય કપૂરે એમ પણ કહ્યું છે કે, તેઓ દુબઈમાં જ હતા અને ભારત પરત ફરી રહ્યા હતા ત્યારે આ અહેવાલ આવ્યા હતા. હકીકતમાં શ્રીદેવી પોતાના પતિ બોની કપૂર અને નાની પુત્રી ખુશીની સાથે મોહિત મારવાના લગ્ન કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચી હતી. શૂટિંગમાં વ્યસ્ત હોવાના કારણે મોટી પુત્રી જહાનવી પહોંચી શકી ન હતી. સદીના મહાનાયક અમિતાભ બચ્ચને પણ સૌથી પહેલા સંકેતોમાં શ્રીદેવીના અવસાનની વાત કરી દીધી હતી. બોલીવુડની ચાંદનીના નામથી લોકપ્રિય શ્રીદેવીએ પોતાના કેરિયરની શરૂઆત ૧૯૭૮માં આવેલી સોલવા સાવન ફિલ્મથી કરી હતી પરંતુ બોલીવુડમાં સફળતાનો સ્વાદ પાંચ વર્ષના લાંબાગાલા બાદ આવેલી હિંમતવાલા ફિલ્મથી મળી હતી. ફિલ્મમાં જીતેન્દ્રએ લીડ અભિનેતા તરીકેની ભૂમિકા ભજવી હતી. બાળ કલાકાર તરીકે તમિળ ફિલ્મ કંદન કરુનઈમાં પણ શ્રીદેવી દેખાઈ હતી તે વખતે તેની વય માત્ર ૪ વર્ષની હતી. ૨૦૧૨માં ઈંગ્લીશ વિંગ્લીશ ફિલ્મ મારફતે વાપસી કરી હતી. ગયા વર્ષે મોમ ફિલ્મમાં પણ તેની ભૂમિકાની નોંધ લેવામાં આવી હતી.

### સંકલ્પ કરશો તો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બતાવે છે. સુરતના લોકોની આ વિશેષતા રહેલી છે. મોદીએ સરદાર પટેલની જન્મજ્યંતિના દિવસે મોટાપાયે રન ફોર યુનિટીમાં ભાગ લેવા ઉપરાંત ૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગા દિવસના પ્રસંગે મોટાપાયે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પણ લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ન્યુ ઈન્ડિયા ગંદગીથી મુક્ત રહે, ગરીબીથી મુક્ત રહે તે જરૂરી છે. દેશ જનતાથી ને છે. શ્રેષ્ઠ આરોગ્ય માટે પણ કસરત અને અન્ય પ્રકારના કાર્યક્રમ ખુબ જરૂરી બની ગયા છે. જો નાગરિકો ફિટ રહેશે તો દેશ ક્યારે પણ અનફિટ થઈ શકે નહીં. ખેલકૂદ, સામૂહિક કાર્યક્રમો યોજવામાં આવે તે જરૂરી છે. આનાથી ખુબ જ જરૂરી શિસ્ત લોકોમાં આવે છે. તમામ લોકોની જવાબદારી ન્યુ ઈન્ડિયાના નિર્માણની રહેલી છે. ન્યુ ઈન્ડિયાના નિર્માણ માટે તમામ યુવાનો આગળ આવે તે જરૂરી છે. સ્વતંત્રતા લડવૈયાઓએ જેવા ભારતની કલ્પના કરી હતી તે માટે તમામ લોકોની જવાબદારી બને છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

ખોટી સહિ કરી આવી ગ્રાન્ટો બારોબાર ચાઉ કરી દલીતો શોષીતોનો લાભ ડુબાડે છે.

મોટાભાગના સંગઠનો દલીતોને ન્યાય અપાવવાની આડમાં રાજકિય રોટલા શેકી મતો ઉઘરાવી રાજનેતા બની ગયા છે જયાં સુધી વ્યક્તિ પોતે પોતાના મળનાર લાભો, હક્કો પ્રત્યે જાગૃતતા નહિ લાવે ત્યાં સુધી પછાતપણામાંથી બહાર નહિ આવે અને શોષીત તરીકે પોતાનું શોષણ થતું રહેશે. આ માટે ગ્રામ્ય કક્ષાએ સોશ્યલ જસ્ટીસ સેલ, સામાજીક ન્યાય સંસ્થાની સ્થાપના કરવા સમયની તીવ્ર માંગ ઉઠવા પામી છે. દરેક સ્તરે ન્યાય મેળવવા માટે તથા ન્યાય અપાવવા માટે આવી સંસ્થા કાર્યરત કરવામાં આવે તો જ પ્રશ્નોનું નિવારણ થઈ શકે તેમ છે. જાતીવાદ કરતા રાષ્ટ્રવાદ જ મહાન છે.

કાયદા સમક્ષ દરેક નાગરિક સમાન છે કોઈપણ વ્યક્તિને સરકાર કાયદાનું સમાન રક્ષણ આપવાનો ઈન્કાર કરી શકે નહિ. ધર્મ, વંશ, લીંગ, જ્ઞાતિ અથવા વિચારશરણી કે તેમાના કોઈપણ એક કારણે રાજયના નાગરિકો વચ્ચે ભેદભાવ સરકાર રાખી શકે નહિ. સામાજીક ન્યાય સંસ્થા આ માટે પ્રયત્નરૂપ બની પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરે તેવી સમયની માંગ ઉઠવા પામેલ છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

થાય અને પ્રજા વીફરે તેવું હતું. કર્ણાટકની કોંગ્રેસ સરકારના સદનસીબે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દીપક મિશ્રાના વડપણ હેઠળની ખંડપીઠે કેન્દ્રના દાવાના ફગાવી દઈને કર્ણાટક તરફથી તમિળનાડુને માટે છોડવાના કાવેરીના જળના પ્રમાણને ઘટાડવાનો ચુકાદો આપ્યો છે. વિધાન સભાની આગામી ચૂંટણીમાં કમસે કમ નુકસાન થતું અટક્યું છે. ચુકાદો આનાથી વિપરીત આવ્યો હોત તો સિદ્ધરામૈયા સરકારને માથે માછલાં ધોવાત. જોકે, તમિળનાડુને ફાળવતા પાણીમાં ઘટાડો કરાતાં ચેન્નાઈ કેવા પ્રકારે પ્રતિકાર કરશે એ કહેવું મુશ્કેલ છે. કારણ અગાઉ જયલલિતા જયરામ જ્યારે મુખ્યપ્રધાન હતાં ત્યારે એમણે બબ્બેવાર ઉપવાસના શસ્ત્રાને ઉગામ્યું હતું. આ વખતે તમિળનાડુના રાજકીય પક્ષો આંદોલનાત્મક પગલું ભરશે કે ૧૫ વર્ષ સુધી અમલી ગણાતા સુપ્રીમના આ ચુકાદાને સ્વીકારી લેશે એ કહેવું મુશ્કેલ છે.તમિલનાડુની વર્તમાન સરકાર વડાપ્રધાન મોદી સમક્ષ રજૂઆત કરવાની વાત જાહેર કરી ચૂકી છે,પણ એથી આગળ વધે એવી શક્યતા નહીંવત છે. તમિળનાડુમાં સત્તા પક્ષ અને વિપક્ષ બેઉ પર વડાપ્રધાનનો રિમોટ પ્રભાવી છે.

**સુપ્રીમનો ચુકાદો કેવી જળફાળવણી કરે છે?**

કાવેરી જળ વિવાદ આજકાલનો વિવાદ નથી. બ્રિટિશ શાસન દરમિયાન છેક ૧૮૯૨ અને ૧૯૨૪માં કાવેરી જળ ફાળવણી અંગે સમજૂતીઓ થઈ હતી. ૧૯૨૪માં જે કરાર થયા હતા એ ૫૦ વર્ષ માટેના હતા અને ૧૯૭૪માં એ પૂરા થયા હતા. ત્યારથી લઈને આજ લગી કાવેરી જળ વિવાદ અદાલતો અને શેરીઓ વચ્ચેના જંગનું નિમિત્ત બન્યો છે. છેવટે ભારત સરકારે નિયુક્ત કરેલા ટ્રાઈબ્યુનલે ૨૦૦૭માં ૮૦૨ કિ.મી. જેટલા લાંબા કાવેરીના પટના કુલ ૭૪૦ ટીએમસી (થાઉસન્ડ મિલિયન ક્યુબિક ફીટ)ની વહેંચણી ચાર રાજ્યો વચ્ચે આ મુજબ કરી આપી હતી : તમિળનાડુને ૪૧૯ ટીએમસી, કર્ણાટકને ૨૭૦ ટીએમસી, કેરળને ૩૦ ટીએમસી અને પુડુચેરી (અગાઉના પાંડિચેરી)ને ૭ ટીએમસી ઉપરાંત ૧૦ ટીએમસી પર્યાવરણના હેતુસર આરક્ષિત રખાય તથા ૪ ટીએમસી દરિયામાં વહી જાય એવી ગણતરી મૂકી હતી. આ એવોર્ડને મુદ્દે કેન્દ્ર સરકાર અને અદાલતો સમક્ષ મામલો વિવાદાસ્પદ બની રહ્યો હતો. કારણ રાજ્યો એ અંગે સંમત થતાં નહોતાં.

છેવટે સુપ્રીમ કૉર્ટે શુક્રવાર, ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ આપેલા ચુકાદા મુજબ, ટ્રાઈબ્યુનલના ચુકાદાને બદલીને કર્ણાટક થકી તમિળનાડુ માટે છોડાનારા પાણીના પ્રમાણને ઘટાડવામાં આવ્યું એટલે કર્ણાટકના લોકો હરખઘેલા બની ગયા છે. આ ચુકાદો ૧૫ વર્ષ અમલમાં રહેશે. એ મુજબ, કર્ણાટકને ૨૦૦૭ના એવોર્ડમાં ફાળવાયેલા ૨૭૦ ટીએમસી પાણી ઉપરાંત ૧૪.૭૫ ટીએમસી પાણી મળશે. તમિળનાડુને ૪૧૯ ટીએમસીને બદલે ૪૦૫.૨૫ ટીએમસી પાણી મળશે. કેરળ અને પુડુચેરીને યથાવત્ પ્રમાણમાં એટલે કે અનુક્રમે ૩૦ ટીએમસી અને ૭ ટીએમસી પાણી મળશે. તમિળનાડુ કાવેરી પટમાંથી કુલ ૨૦ ટીએમસી ભૂગર્ભ જળમાંથી વધુ ૧૦ ટીએમસી જળ ખેંચી શકશે. સુપ્રીમ કોર્ટે કર્ણાટકને વધુ જળફાળવણી કરવાની સાથે જ બૅંગલૂરુને આંતરરાષ્ટ્રીય સ્તરનું લેખીને તેને માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવા ખાસ ૪.૭૫ ટીએમસી પાણીની ફાળવણી કરી છે. વર્ષ ૧૯૭૪ લગી કાવેરી જળ વિતરણ અંગે ૧૯૨૪ના કરાર અમલી હતા ત્યાં લગી તમિળનાડુને ઝાઝી તકલીફ પડી નથી. જોકે, એ પછીના ગાળામાં કાવેરી જળના પ્રમાણમાં પણ ઘટાડો થતો ગયો અને વરસાદની અનિયમિતતાએ પણ કર્ણાટક અને તમિળનાડુ વચ્ચે ઘર્ષણ સર્જ્યું હતું. વર્ષ ૧૯૩૦-૭૦ દરમિયાન મેટ્ટર ડેમ ખાતે ૩૭૮.૪ ટીએમસી પાણીપુરવઠો નોંધાયો હતો. ૧૯૭૦ના ગાળામાં એ ઘટીને ૩૨૪ ટીએમસી અને ૧૯૮૦ના ગાળામાં તો સાવ ઘટીને ૨૨૯ ટીએમસી થતાં જળવિવાદ વણસાવવાનું નિમિત્ત બન્યો હતો. નર્મદા નદીનાં જળ જેમ ઘટતાં જઈ રહ્યાં છે એમ દેશની કાવેરી સહિતની નદીઓનાં જળ ઘટતાં રહ્યાં છે અને એની રાજકીય અસરો તથા રાજ્યો વચ્ચેના ટકરાવનું નિમિત્ત બને છે.આગામી વિધાનસભા ચૂંટણી કર્ણાટકમાં કૉંગ્રેસની સરકારને પુનઃસ્થાપિત કરશે કે ભાજપને તક આપશે,એ નક્કી થવાનું છે. હવેના દિવસોમાં રાજ્યના રાજકીય સમરાંગણમાં જીવસટોસટની બાજી ખેલાતી જોવા મળશે.

-haridesai@gmail.com